# સરદાર પટેલ યુનિવર્સિટી

## બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખાની સભા

### કાર્યનોંધ

**બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખાની સભા તારીખઃ૨૫/૪/૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતાઃ

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉ. પી.કે.રાઠોડ (અધ્યક્ષ) | ૧૮ | ડૉ. વાય.આર. રાજપરા |
| ૨ | ડૉ. સંદીપ કે. ભટ્ટ | ૧૯ | ડૉ. એચ.જે.પઢીયા |
| ૩ | ડૉ. સી.કે.સોનારા | ૨૦ | ડૉ. સેજલ ક્રિશ્યન |
| ૪ | ડૉ. આર.ડી.મોદી | ૨૧ | શ્રી બી.આર.રબારી |
| ૫ | ડૉ. વી.એમ.વનાર | ૨૨ | શ્રી સુનીલ એસ. ત્રિવેદી |
| ૬ | શ્રી આર.એમ.પટેલ | ૨૩ | ડૉ. અંકિતા બ્રહ્મભટ્ટ |
| ૯ | ડૉ. જયેશ પુજારા | ૨૪ | ડૉ. હિમાંશુ સંઘવી |
| ૭ | ડૉ. વાય.એમ.દલવાડી | ૨૫ | શ્રી રજનીકાન્ત એમ. પટેલ |
| ૮ | ડૉ. બી.પી.ભુવા | ૨૬ | મિત્તલ ઠાકર |
| ૧૦ | શ્રી આર.એમ.જોષી | ૨૭ | શ્રી હિતેશ આર. દલવાડી |
| ૧૧ | શ્રી એ.આર.પટેલ | ૨૮ | શ્રી રાજેશ જી. કાવીયા |
| ૧૨ | શ્રી એ.પી.પટેલ | ૨૯ | શ્રી અલ્પેશ ડી. પટેલ |
| ૧૩ | શ્રી બી.સી.પટેલ | ૩૦ | શ્રી ભારતીબેન ડી. રાજ |
| ૧૪ | શ્રી આઇ.એન.ટંડેલ | ૩૧ | શ્રી નરેન્દ્રસિંહ બી. રાજ |
| ૧૫ | શ્રી એન.એમ.ભાટીયા | ૩૩ | શ્રી સંદીપ ચંન્દ્રા |
| ૧૬ | ડૉ. કામિની શાહ | ૩૨ | શ્રી આર.પી.પટેલ |
| ૧૭ | શ્રી નિશીથ આર. દવે | | |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને કોમર્સ/બેકીંગ બોર્ડના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયેલ પ્રો. આર.પી.પટેલની સેવાઓને નોંધ લઇ તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. તથા નવા નિમણૂંક થયેલ કોમર્સ/બેકીંગ બોર્ડના કાર્યકારી અધ્યક્ષશ્રી પ્રો. એસ.કે.ભટ્ટ અને એકાઉન્ટન્સી ના કાર્યકારી અધ્યક્ષશ્રી પ્રો. સી.કે.સોનારાને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનુ કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ ૨૩/૧૦/૨૦૧૩ના રોજ મળેલ બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખા અંતર્ગત અભ્યાસ સમિતિની સંયુકત સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

(નોંધઃ- તારીખઃ ૨૩/૧૦/૨૦૧૩ના રોજ મળેલ બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખા અંતર્ગત અભ્યાસ સમિતિની સંયુકત સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.) સભ્યશ્રીઓ દ્વારા તારીખની ખરાઇ અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ જે સુધારા સહિત મંજૂર કરવામાં આવી.

આ ઉપરાંત સભ્યશ્રીઓ દ્વારા સભાની નોટીસ યુનિવર્સિટી દ્વારા સમયસર મળે એટલે કે સભાની મિટીંગ પહેલા મળે તે અંગે ભવિષ્યમાં ધ્યાન રાખવા જણાવેલ કારણકે આપણી યુનિવર્સિટી સાથે ખેડા અને આણંદ જીલ્લાની જોડાયેલ કોલેજોને ટપાલ સમયસર મળી રહે.

ચાલુ...

૨. તારીખઃ ૨/૧/૨૦૧૭ના રોજ મળેલ બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ)ની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના નીચે જણાવેલ અભ્યાસક્રમો બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૭-૧૮થી ક્રમશઃ કરવા કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(1) B.Com. (Hon.) (IA and CB & I) સેમેસ્ટર ૧ અને ૨ના અભ્યાસક્રમ

(2) B.Com. સેમેસ્ટર ૧ અને ૨ના અભ્યાસક્રમ

આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ)ની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના B.Com.ના યુજીસી દ્વારા સૂચિત મોડેલ કોર્ષ કરીક્યુલમ મુજબ ઘડવામાં આવેલ ચોઇસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ અનુસાર સેમેસ્ટર ૧ થી ૬ના અભ્યાસક્રમનું માળખું અને સેમેસ્ટર ૧ અને ૨ના અભ્યાસક્રમો તેમજ B.Com. (Hon.) (IA and CB & I) સેમેસ્ટર ૧ અને ૨ના અભ્યાસક્રમો બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કર્યા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી ક્રમશઃ કરવા કરેલ ભલામણને મંજૂર કરી.

૩. તારીખઃ ૨/૧/૨૦૧૭ના રોજ મળેલ બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ)ની અભ્યાસ સમિતિની સભાએ ઓફિસ મેનેજમેન્ટ એન્ડ સેક્રેટરીયલ પ્રેક્ટીસનો અભ્યાસક્રમ બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૭-૧૮થી ક્રમશઃ કરવા કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ)ની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના ઓફિસ મેનેજમેન્ટ એન્ડ સેક્રેટરીયલ પ્રેક્ટીસનો સેમેસ્ટર ૧ અને ૨ના અભ્યાસક્રમ બિડાણમાં દર્શાવ્યા મુજબ મંજૂર કર્યા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી ક્રમશઃ કરવા કરેલ ભલામણને મંજૂર કરી.

૪. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮થી વિવિધ વિદ્યાશાખાઓમાં યુજીસી દ્વારા સૂચિત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ પ્રવર્તમાન અભ્યાસક્રમોમાં જરૂરી સુધારા સહીત અમલ કરવા ઠરાવેલ છે. સદર બાબતને ધ્યાને લઇ યુનિવર્સિટી દ્વારા પ્રવર્તમાન **CBCS** રેગ્યુલેશનમાં જરૂરી સુધારો સૂચવેલ છે. આ સાથે સામેલ Draft Regulations Governing Academic Programme (CBCS Regulations 2017)નો એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮થી અમલ કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુજીસી દ્વારા સૂચિત મોડેલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ પ્રવર્તમાન **CBCS** રેગ્યુલેશનમાં જરૂરી સુધારા વધારા સૂચવેલ છે. આ સાથે સામેલ Draft Regulations Governing Academic Programme (CBCS Regulations 2017)નો એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮થી અમલ કરવાનો હોઇ આ અંગે ચર્ચા વિચારણા કરવા બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખાની સભા **તારીખઃ૧૧/૫/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ ખંડમાં મળશે.

નંબરઃ ડી/એ-૩/૭૪૫ મદદનીશ કુલસચિવ
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨/૫/૨૦૧૭

પ્રતિઃ
બિઝનેસ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખાના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટી વેબસાઇટ (નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.